ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૧૩૭ તા.૧૦-૦૨-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ફરી એક વખત પ્રોફિટ બુકિંગનો તબક્કો શરૂ થઈ ગયો

એક્સિસ બેંકના શેરમાં પણ મજબૂત ઉછાળાની જગ્યા

બજેટ આસપાસના ત્રણ દિવસ દરમ્યાન સેન્સેક્ષ અને નિફ્ટીમાં તોતીંગ ઉછાળો જોવાયા પછી ફરી એક વખત પ્રોફિટ બુકિંગનો તબક્કો શરૂ થઈ ગયો છે અને આગામી દિવસોમાં પણ રિલાયન્સ અને એચડીએફસી જેવા હેવીવેઈટ શેરોની આગેવાની હેઠળ સેન્સેક્ષ-નિફ્ટીમાં નબળાઈનો ટ્રેન્ડ જોવા મળે તેવી ગણતરી છે અને તેથી બજેટનો ઉત્સાહ સમાપ્ત થઈ ગયો તેમ કહી શકાય. ફરી એક વખત નિફ્ટીના ૫૦ શેરમાંથી માંડ ૧૦ શેર સ્પષ્ટ રીતે ઉછાળાની જગ્યા દર્શાવે છે અને બાકીના સાતેક શેરો ઘટાડાનો ટ્રેન્ડ અને અન્ય શેરો ટૂંકી વધઘટના તબક્કામાં ફસાયેલા છે.

નવા અઠવાડિયા દરમ્યાન રૂા. ૫૨૫ વાળા **હિન્ડાલ્કો**ના શેરમાં સુંદર ઉછાળાની જગ્યા છે અને આગામી દિવસોમાં પરિણામોના સપોર્ટને કારણે રૂા. ૫૩૫ અને તે પછી રૂા. ૫૫૫નો ભાવ આ શેરમાં જોવા મળે તે સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે રૂા. ૭૯૯વાળા **એક્સિસ બેંક**ના શેરમાં પણ મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે. શુક્રવારે આ શેરમાં થોડુંક પ્રોફિટ બુકિંગ આવ્યું હતું તેમ છતાં આગામી દિવસોમાં ધીરે ધીરે રૂા. ૮૦૮ અને તે પછી રૂા. ૮૨૮નો ભાવ આવી જવાની ગણતરી છે.

નિફ્ટીના મુખ્ય શેરોમાં અત્યારે **સનફાર્મા** ખાસ ધ્યાન ખેંચે છે. અત્યારના રૂા. ૮૯૮વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૯૦૫ અને તે પછી રૂા. ૯૩૫નો ભાવ બતાવશે તે સ્પષ્ટ છે અને તેથી તે શેર ઉપર ફોકસ રખાય.

ગયા અઠવાડિયે ઓએનજીસીના શેરમાં ઉછાળાની વાત દર્શાવી હતી. શેર અત્યારે રૂા. ૧૭૦ ઉપર ચાલી રહ્યો છે અને ક્રૂડના ભાવ અને રિફાઈનીંગ માર્જિન સુધર્યો હોવાથી આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૭૭ અને તે પછી રૂા. ૧૮૧નો ભાવ જોવા મળવાની ગણતરી છે. ઉછાળો અતિશય ધીમો હશે તે ખાસ ધ્યાનમાં રાખવું.

પરિણામોની જાહેરાત પછી અને સિગારેટ ઉપર નવો કોઈ વેરો ન આવ્યો હોવાથી **આઈટીસી**ના શેરમાં એકદમ ધીમો સુધારો શરૂ થયો છે. આઈટીસી અત્યારે રૂા. ૨૩૪ ઉપર છે અને ધીરે ધીરે વધીને રૂા. ૨૩૮ અને તે પછી રૂા. ૨૪૮નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત. અને તેથી તે શેરમાં રોકાણ જાળવી શકાય.

સામે પક્ષે **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**ના શેરમાં મંદી સ્પષ્ટ રીતે દેખાય છે. ગયા અંકમાં રૂા. ૨૩૩૬ના ભાવે આ શેરમાં મંદી કરવામાં પૈસા મળશે તેમ દર્શાવેલું. ત્રણેક સેશન આ શેરે અમને ખોટા પાડ્યા અને ઝડપથી વધ્યો, પરંતુ તે પછીની બે સેશનમાં એટલો જ ઝડપથી તૂટીને આ શેર રૂા. ૨૩૩૧ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં વધારે ઘટાડા સાથે રૂા. ૨૩૨૩ અને તે પછી રૂા. ૨૩૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તે પછી પણ આ શેર આ શેર વધારે ઘટીને રૂા. ૨૨૭૨ થઈ જાય તો નવાઈ નહિ લાગે.

ગુરુવારે તમામ અખબારોમાં **એચડીએફસી**ના સુંદર પરિણામોના હેડિંગ તમે વાંચ્યા હશે. અત્યારે મુંબઈના ઓપરેટરો થોડુંક વિચિત્ર માનસ ધરાવી રહ્યા છે અને સારા પરિણામ આવે એટલે તે શેર ઉપર ખુન્નસ રાખીને તે શેરને તોડવાની સ્ટ્રેટેજી શરૂ થઈ જાય છે. એચડીએફસી રૂા. ૨૫૦૩ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેને તોડીને રૂા. ૨૪૮૪ અને તે પછીના ઘટાડે રૂા. ૨૪૬૪ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૪૧૪ સુધી ઉતારી દેવાય તો પણ નવાઈ નહિ લાગે. અગાઉ આ જ પ્રકારની તાતા સ્ટીલના સપ્ટેમ્બરના પરિણામ પછી અને ટીસીએસના પણ સપ્ટેમ્બરના પરિણામ પછી કરી હતી.

આ જ પ્રકારે **વિપ્રો**ના શેરમાં પણ આગામી દિવસોમાં નબળાઈનો તબક્કો બેસે છે. વિપ્રો અત્યારે રૂા. ૫૭૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેને ધીરે ધીરે તોડીને રૂા. ૫૬૭ તે પછી રૂા. ૫૬૨ અને તે પછી રૂા. ૫૫૩ સુધી ઉતારી દેવાય તો પણ નવાઈ નહિ લાગે.

ટેક મહિન્દ્રાના શેરમાં મંદી કરવામાં પૈસા મળશે તેમ અંક નંબર ૪૩માં દર્શાવેલું. તે વખતે ટેક મહિન્દ્રા રૂા. ૧૫૯૩ ઉપર હતો અને તે પછીની નવ ટ્રેડિંગ સેશન દરમ્યાન આ શેરને તોડીને રૂા. ૧૪૪૮ ઉપર લાવી દીધો છે અને હજી પણ નવા અઠવાડિયા દરમ્યાન આ શેરને વધારે નીચો લાવવામાં આવે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે.

શોર્ટટર્મ ખેલાડીઓ **બીપીસીએલ**ના શેર અંગે પણ મંદીમય માનસ દર્શાવે છે. બીપીસીએલમાં રિલાયન્સ બિડીંગ માટે ક્યારે તૈયાર થાય તેની જાણે સરકારને રાહ છે અને રિલાયન્સ તૈયાર ન હોવાથી બિડીંગ સતત પાછું ઠેલાતું હોય તેમ સ્પષ્ટ રીતે દેખાય છે. બીપીસીએલ અત્યારે રૂા. ૩૭૫.૬૫ ઉપર છે અને ફરી એક વખત તેનું બિડિંગ પાછું ઠેલાયું હોવાથી આ શેરને વધારે તોડીને રૂા. ૩૭૩ અને તે પછીના ઘટાડે રૂા. ૩૭૦ અને તે પછી છેક રૂા. ૩૫૮ સુધી ઉતારી દેવાય તો નવાઈ નહિ લાગે.

ઈન્સ્યોરન્સ કંપનીઓ **એચડીએફસી લાઈફ** અને **એસબીઆઈ લાઈફ**ના શેરમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ છે. એચડીએફસી લાઈફ રૂા. ૬૨૪ ઉપર છે અને ફરી એક વખત ક્લેમ વધ્યા હોવાની વાત પાછળ આ શેર ધીરે ધીરે રૂા. ૬૧૮ અને તે પછી ધીરે ધીરે રૂા. ૫૯૮ સુધી ઉતારી દેવાય તો નવાઈ નહિ લાગે. તે જ પ્રકારે

એસબીઆઈ લાઈફના શેરમા પણ અત્યારના રૂા. ૧૧૭૨થી ધીરે ધીરે ભાવને તોડવામાં આવે તેવી ગણતરી છે. નીચામાં રૂા. ૧૧૪૮ અને તે પછીના ઘટાડે રૂા. ૧૧૧૯નો ભાવ પણ જોવા મળી જાય તે સંભાવના ખૂબ જ મજબૂત.

બાયબેકની જાહેરાત આવી ગઈ હોવા છતાં **ટીસીએસ**નો શેર હજી ટૂંકી વધઘટ ઉપર જ પડી રહ્યો છે. અત્યારે રૂા. ૩૮૧૫ ઉપર છે અને એકદમ સામાન્ય સુધારા સાથે તેમાં અપટ્રેન્ડ જળવાઈ રહેવાની ગણતરી છે. મોટી તેજી થોડા અઠવાડિયા નથી દેખાતી.

સામે પક્ષે **અલ્ટ્રાટેક સિમેન્ટ**ના શેરમાં બજેટની જોગવાઈ પછી આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂા. ૭૪૪૦ ઉપર આવી ગયેલા આ શેરમાં આગામી દિવસોમાં હજી થોડી નબળાઈ અને પ્રોફિટ બુકિંગ જોવાયા પછી નવી તેજી જોઈ શકાશે. બાકી આવતું અઠવાડિયું આ શેરમાં થોડાક પ્રોફિટ બુકિંગનું છે.

સામે પક્ષે **તાતા સ્ટીલ**ના શેરમાં પણ બજેટની જાહેરાત પછી આકર્ષણ વધ્યું છે. તાતા સ્ટીલના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો પણ જોરદાર આવ્યા. અત્યારના રૂા. ૧૧૭૬વાળા આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારાની અને ઉપરમાં રૂા. ૧૨૦૨ અને તે પછી રૂા. ૧૨૩૨નો ભાવ થોડા દિવસોમાં જોવા મળવાની સંભાવના મજબૂત છે.

લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં પણ આકર્ષણ વધી રહ્યું છે. લાર્સન અત્યારે રૂા. ૧૯૪૮ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૯૬૨ અને તે પછી રૂા. ૧૯૮૨નો ભાવ જોવા મળી જવાની ગણતરી. મધ્યમગાળા માટે આ શેરમાં રૂા. ૨૩૦૦નું લક્ષ્યાંક છે અને તેથી જો મધ્યમગાળામાં રોકાણની તૈયારી હોય તો થોડાક શેરો લઈને મૂકી શકાય.

ઘણા મહિના સુધી નબળાઈ બતાવ્યા પછી **એચડીએફસી બેંક**નો શેર મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થયો છે. અત્યારે રૂા. ૧૫૨૪ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૫૪૫ અને તે પછી રૂા. ૧૫૬૫નો ભાવ જોવા મળવાની ગણતરી.

રૂા. ૭૨૭વાળા **અદાણી પોર્ટ**ના શેરમાં એકદમ શોર્ટટર્મ એન્ગલથી કસ નથી અને આ શેર ટૂંકી વધઘટ ઉપર જ પડી રહેવાની ગણતરી. જ્યારે **તાતા કન્ઝ્યુમર**માં ઘણા દિવસથી નબળાઈ જોવાતી હતી પરંતુ હવે પરિણામનો સારો સપોર્ટ મળ્યો હોવાથી આ શેર ધીરે ધીરે સુધરીને રૂા. ૭૩૩થી વધીને રૂા. ૭૫૦ ઉપર આવી જવાની ગણતરી છે. આમ ગણતરીના થોડા શેરો સિવાય નબળાઈની સંભાવના છે.ગયા અઠવાડિયે પણ **અદાણી ગ્રીન**ના શેરમાં કમાવાશે તેમ દર્શાવેલું પરંતુ ત્રણ સેશનના ઉછાળા પછી ફરી એક વખત અદાણી ગ્રીનનો શેર રૂા. ૧૯૩૮થી વધીને રૂા. ૧૯૫૦ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૯૭૯ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૦૫૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

અદાણી વિલ્મરનું પણ લિસ્ટિંગ તે અદાણી ગ્રૂપના અન્ય શેરોની સરખામણીમાં આ લિસ્ટિંગ તદ્દન કંગાળ જ કહી શકાય તેમ છતાં રોકાણકારોને આશા છે કે જે રીતે અન્ય શેરોને તોતીંગ રીતે ઊંચકી દેવાયા તે જ પ્રકારે અદાણી વિલ્મરને પણ સામાન્ય લિસ્ટિંગ પછી થોડા મહિનામાં તોતીંગ લેવલ ઉપર લઈ જવાશે અને તે રીતે ઇન્વેસ્ટરોને જોરદાર રિટર્ન મળશે અને તેથી ઉતાવળમાં વેચી મારવાની સલાહ નથી.

નવા અઠવાડિયા દરમ્યાન રૂા. ૭૩વાળા **બાલાજી ટેલિફિલ્મ્સ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. મુકેશ અંબાણી આ કંપનીમાં વ્યૂહાત્મક હોલ્ડિંગ ધરાવે છે અને હવે આ કંપનીની ઓટીટી સિરિયલો અને વેબસિરિઝોની સંખ્યા વધતી જાય છે. આવતા થોડા દિવસોમાં મુકેશ અંબાણીના ટેલિકોમ, ટીવી ચેનલો અને આ કંપની અંગે વ્યૂહાત્મક જાહેરાતની સંભાવના છે. શોર્ટટર્મમાં જ રૂા. ૭૩વાળો શેર થોડા દિવસોમાં રૂા. ૯૩ થવાની ગણતરી અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે આ વર્ષ ભારે તેજીનું છે અને તેમાં રૂા. ૬૬૫ ઉપર આવી ગયેલો **નાહર સ્પીનીંગ**નો શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૬૮૮ અને તે પછી રૂા. ૭૦૦નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત છે. તમે જોતા હશો કે નાહર સ્પીનીંગનો શેર રૂા. ૨૦૦નો ભાવથી કવર કરાવીએ છીએ.

આવો જ સુંદર ઉછાળો પેકેજિંગ ફિલ્મ્સ બનાવતી **જિંદાલ પોલિફિલ્મ્સ**ના શેરમાં પણ દેખાય છે. આ શેર અત્યારે રૂા. ૧૨૫૬ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૨૯૨ અને તે પછીના ઉછાળે રૂા. ૧૪૨૪નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત છે.

તે જ પ્રકારે **નાહર પોલિફિલ્મ્સ**નો શેર પણ અત્યારે ધ્યાન ખેંચે છે. રૂા. ૪૪૭ ઉપર છે અને જોરદાર રીરેટીંગ સાથે રૂા. ૬૦૬નો ભાવ જોવા મળી જવાની ગણતરી એટલે કે લગભગ રૂા. ૧૫૦/૩૩ ટકાનું રિટર્ન આ શેરમાં બેસે છે.

જીએમડીસીનો શેર કવર કરવાનું ઘણા અંકથી દર્શાવીએ છીએ. અત્યારે રૂા. ૧૩૩ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૩નો ભાવ જોવા મળી જવાની ગણતરી.

અદાણી ટ્રાન્સમિશનનો શેર પણ બ્રેક વગરની ગાડીની જેમ દોડ્યે જાય છે. અત્યારે રૂા. ૨૦૩૩ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૨૦૬૩ અને તે પછી રૂા. ૨૧૪૧નો ભાવ જોવા મળવાની ગણતરી છે. પરંતુ સાથે સાથે નફાશક્તિની સરખામણીમાં અદાણી ગ્રૂપના શેરો ગળે ન ઊતરે તેવા ઊંચા વેલ્યૂએશન ઉપર છે તે વાસ્તવિકતા ધ્યાનમાં લાવી દઈએ.

જિંદાલ સ્ટીલ એન્ડ પાવરનો શેર અત્યારે રૂા. ૪૨૪ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૪૩૪ અને તે પછીના ઉછાળે રૂા. ૪૫૪નો ભાવ આવી જવાની ગણતરી છે.

બેંક ઓફ બરોડા ગયા અઠવાડિયે પણ રૂા. ૧૦૩ના ભાવે અને તે પહેલા થોડા અઠવાડિયા પહેલા રૂા. ૯૦ના ભાવે પણ લેવાની વાત કરી હતી. અત્યારે રૂા. ૧૦૭ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૧૭નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

રૂા. ૧૫૩ ઉપરના **એનએમડીસી**ના શેરમાં પણ જોરદાર આકર્ષણ છે. એનએમડીસી દ્વારા પોતાનું સ્ટીલ યુનિટ અલગ કંપનીમાં લઈ જવાયું અને તેને વેચી મારશે. અને તે પછી લિક્વિડિટી અને નફાશક્તિ જોરદાર આવી શકશે. રૂા. ૧૫૩વાળો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૧૬૩ થવાની ગણતરી છે. પરંતુ ઉછાળો અતિશય ધીમો હશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

વેદાંતાના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. અત્યારે રૂા. ૩૫૬ ઉપરનો આ શેર અતિશય ધીમા સુધારા સાથે રૂા. ૩૬૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૩૯૫ ઉપર આવવાની ગણતરી, પરંતુ ઉછાળો અતિશય ધીમો હશે તે પાસું ધ્યાન બહાર ન જાય.

ટેક્ષટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલી **સેન્ચરી એન્ક**ાના શેરમાં પણ અત્યારે જોરદાર ફેન્સી છે. રૂા. ૨૫૦ ઉપર પડી રહેલો આ શેર રૂા. ૬૨૦ તો આવી ગયો અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૬૪૬ અને તે પછી ધીરે ધીરે રૂા. ૭૩૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. નફાનો જોરદાર સપોર્ટ અને ગ્રાસીમ સાથે ભળી જાય તે સંભાવના મુખ્ય કારણ છે.

તેવી જ રીતે ટેક્ષટાઈલ અને સોડાએશ એમ બે બિઝનેસ ધરાવતી **જીએચસીએલ**ના ટેક્ષટાઈલ બિઝનેસમાં

આ વખતે બમ્પર નફો છે. અત્યારે આ શેર રૂા. ૪૭૬ ઉપર ચાલી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૪૮૪ અને તે પછી રૂા. ૫૦૫નો ભાવ જોવા મળવાની ગણતરી.

એલ્ગી ઇક્વીપમેન્ટના શેરમાં પણ અગાઉ ઉછાળાની વાત દર્શાવેલી. એલ્ગીનો શેર અત્યારે રૂા. ૪૧૩ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૪૨૩ અને તે પછીના ઉછાળે રૂા. ૪૬૩નો ભાવ બેસે છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

માઈક્રો ફિનાન્સ ઉપર ફોકસ ધરાવતી **બંધન બેંક**નો શેર એકદમ તૂટી ગયા પછી હવે ધીરે ધીરે સુધરતો જાય છે. અત્યારે રૂા. ૩૧૯ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૪૩ના ભાવની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા. ૬૫૩ ઉપર આવેલા **દીપક ફર્ટિલાઈઝર**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. વેલ્યૂએશન હવે મોંઘું થઈ ગયું છે એટલે ગમે ત્યારે રિવર્સ ગીયરમાં ગાડી પડવાની, પરંતુ તે પહેલા રૂા. ૬૬૦ અને તે પછી રૂા. ૬૭૦નો ભાવ સંભવ છે.

કેઈસી ઇન્ટરનેશનલ અત્યારે રૂા.૫૨૫ ઉપર ચાલે છે અને તેને પણ બજેટની જોગવાઈઓનો ફાયદો મળ્યો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૫૪૫ સુધી ભાવ ખેંચી જવાની સંભાવના

ડ્રાઈવર ?

ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com

POLYMECHPLAST MACHINES LIMITED

Regd. Office : Goldcoin House 775, GIDC., Makarpura, Vadodara - 390 010.
CIN : L27310GJ1987PLC009517
Phone : 0265-2632210
Email ID: pmldjs@polymechplast.com,Website : www.polymechplast.com

EXTRACT OF STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2021 (Rs. in Lacs)

	Standalone						Consolidated					
	Quarter ended			Nine Months ended		Year ended	Quarter ended			Half Year ended		Year ended
PARTICULARS	Quarter ended 31st December, 2021	Quarter ended 30th September, 2021	Quarter ended 31st December, 2020	Nine months ended 31st December, 2021	Nine months ended 31st December, 2020	For the Year ended 31st March, 2021	Quarter ended 31st December, 2021	Quarter ended 30th September, 2021	Quarter ended 31st December, 2020	Nine months ended 31st December, 2021	Nine months ended 31st December, 2020	For the Year ended 31st March, 2021
	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
Revenue from Operations	2,255.11	2,120.84	1,715.18	5,686.32	3,860.29	6,089.35	2,255.11	2,120.84	1,715.18	5,686.32	3,860.29	6,089.35
Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items)	140.01	152.14	112.42	345.90	234.49	365.18	140.01	152.14	112.42	345.90	234.49	365.18
Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	140.01	152.14	112.42	345.90	234.49	365.18	140.01	152.14	112.42	345.90	234.49	365.18
Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	108.29	114.60	80.82	263.37	177.08	278.17	108.29	114.60	80.82	263.37	177.08	278.17
Total Comprehensive Income for the period [comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	107.84	114.14	80.36	262.41	175.70	278.02	107.53	113.60	80.21	261.49	175.55	277.61
Equity Share Capital	560.17	478.17	478.17	560.17	478.17	478.17	560.17	478.17	478.17	560.17	478.17	478.17
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	-	-	1,142.40	-	-	-	-	-	1,141.98
Earnings Per Share (of Rs.10/- each) (for continuing operations)												
Basic & Diluted (Rs.)	1.91	2.40	1.69	5.15	3.70	5.82	1.91	2.39	1.69	5.14	3.70	5.81

Notes:

The above is an extract of the detailed format of Annual Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Annual Financial Results is available on the Company's website at www.polymechplast.com and the Stock Exchange's Website at www.bseindia.com.

By order of the Board
For, Polymechplast Machines Limited
Sd /-
M. R. Bhuva
Chairman & Managing Director
DIN : 00054562

Date : 09th February, 2022
Place : Vadodara

POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905
Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810
Phone No.079-26427800 FAX No.079-26421864
Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com
Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended 31st December, 2021 (Rs. in Lacs)

SR. NO.	PARTICULARS	Quarter Ended 31.12.2021	Quarter Ended 30.09.2021	Quarter Ended 31.12.2020	Nine Months Ended 31.12.2021	Nine Months ended 31.12.2020	Year Ended 31.03.2021
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Revenue from operations	1,354.92	1,071.57	1,131.46	3,094.92	2,549.49	3,743.16
2	Other Income	10.11	8.72	13.06	29.88	36.03	53.31
3	Total Income (1+2)	1,365.03	1,080.29	1,144.52	3,124.80	2,585.52	3,796.47
4	Total Expenses	1,313.14	1,075.53	1,108.97	3,088.88	2,519.29	3,648.05
5	Profit/(Loss) from ordinary activities before exceptional items and tax (3-4)	51.89	4.76	35.55	35.92	66.23	148.42
6	Exceptional Item	-	-	-	-	-	-
7	Profit/(Loss) before tax (5+6)	51.89	4.76	35.55	35.92	66.23	148.42
8	Tax Expenses	13.44	1.12	13.27	8.47	21.37	29.12
9	Net Profit/(Loss) for the period (7-8)	38.45	3.64	22.28	27.45	44.86	119.30
10	Other Comprehensive Income (net of tax)	-	-	(0.16)	-	(0.48)	2.40
11	Total Comprehensive Income for the period (9+10)	38.45	3.64	22.12	27.45	44.38	121.70
12	Paid up Equity share capital	1105.58	1105.58	1105.58	1,105.58	1,105.58	1,105.58
13	Other Equity						1,353.45
14	Earnings per share (nominal value of Rs, 5 each) (for the quarters not annualised)						
	(a) Basic (Rs)	0.17	0.02	0.10	0.12	0.20	0.54
	(b) Diluted (Rs)	0.17	0.02	0.10	0.12	0.20	0.54

Notes:

1.The above unaudited financial results for the quarter and Nine Month ended 31st December, 2021 were reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 9 February, 2022 as required under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

2.Previous quarter/period figures have been regrouped /rearranged and reclassified to conform to current period's classification wherever necessary.

3. The above is an extract of the detailed format of the unaudited financial results for the quarter and nine months ended 31 December, 2021, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited financial results along with review report of the Statutory Auditors is available under Investors section of our website at www.polylinkpolymers.com and under Financial Results at Corporate section of www.bseindia.com.

By Order of the Board
For, Polylink Polymers (India) Limited
Sd/-
RAVIPRAKASH GOYAL
WHOLE TIME DIRECTOR
DIN :00040570

Date : 9th February, 2022
Place : Ahmedabad